### ભગવાન આચાર્યદેવ

# શ્રી આર્યમંક્ષુ તથા નાગહસ્તિ

આચાર્ય ભગવંત શ્રી આર્યમંક્ષુ તથા નાગહસ્તિ દિગંબર તેમ જ શ્વેતામ્બર બંને પરંપરાઓમાં સન્માનનીય છે. માત્ર એટલું જ નહીં પરંતુ દિગમ્બર આમ્નાયમાં તેમનું સ્થાન શ્રી ભગવાન આચાર્યવર પુષ્પદંત તથા ભૂતબલી મુનિવરોની સમકક્ષ–(સમકાલીન) ગણાય છે. તેઓ જુદી જુદી ગુરુ પરંપરારૂપે માન્ય ગણવામાં આવ્યા છે. જયધવલા શાસ્ત્રમાં દર્શાવ્યું છે કે વિપુલાચલ (પર્વત)પર સ્થિત ભગવાન મહાવીરરૂપી દિવાકર (સૂર્ય)થી નીકળીને ગૌતમસ્વામી, લોહાચાર્ય, જમ્બૂસ્વામી વગેરે આચાર્ય પરંપરાઓથી ઉતરી આવેલા આ કસાયપાહુડનાં ગાથાસૂત્રો ગુણધરાચાર્યને પ્રાપ્ત થયાં. તે ગાથારૂપે પરિણમીને પુનઃ આર્યમંક્ષુ અને નાગહસ્તિ આચાર્યો દ્વારા યતિવૃષભાચાર્યને પ્રાપ્ત થઈ ચૂર્ણિસૂત્રોરૂપે પરિણત થયાં છે. આવી તે દિવ્યધ્વનિ, કિરણોરૂપે અજ્ઞાન અંધકારને નષ્ટ કરે છે.

જયધવલાના આ ઉલ્લેખથી એ સ્પષ્ટ થાય છે કે આ બંને આચાર્યો પોતાના સમયના કર્મસિદ્ધાંતના મહાન વેત્તા તથા આગમના પારગામી હતા. તેમજ તેઓ ભગવાન મહાવીરથી ચાલી આવતી આચાર્ય પરંપરામાં સામેલ હતા. માત્ર એટલું જ નહીં પરંતુ ધવલા ટીકાના આધારે તેઓ [૧]ક્ષમાશ્રમણ અને [૨]મહાવાચકના રૂપે સન્માનનીય રહ્યા છે. આ જ તેમની સિદ્ધાન્તવિષયક વિદ્વત્તતાને સૂચિત કરે છે.


આચાર્ય ભગવંત શ્રી વીરસેનસ્વામીએ ધવલા તથા જયધવલા ટીકામાં વિવિધ સ્થાનોએ તે ઉભય આચાર્યવરોની વિવિધરૂપે જે મહત્તા પ્રદર્શિત કરી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે બંને આચાર્યવરો ફક્ત ક્ષમાશ્રમણ અને મહાવાચક હતા એટલું જ નહીં પરંતુ જિનેન્દ્ર સિદ્ધાંતોના મર્મજ્ઞ અને વ્યાખ્યાતા પણ હતા. સાથે સાથે તેમના વચનો ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ સાથે એકરસ હતાં.

તે બંને આચાર્યોની પૂર્વોત્તર સમયાવધિને ગૌણ કરવામાં આવે તો તે બંને સમકાલીન હતા.

---

૧. મુનિઓની ઉત્તમતા દર્શક એક ઉપાધિ.

૨. મુનિઓની ઉત્તમતા દર્શક એક ઉપાધિ.




શ્રી ગુણધરાચાર્ય પાસેથી 'પેજ્જદોષપાહુડ'નો ઉપદેશ પ્રાપ્ત કરતા આચાર્ય આર્યમંક્ષુ અને નાગહસ્તિ

શ્રી ગુણધર આચાર્ય દ્વારા ભગવાન મહાવીરની દિવ્યધ્વનિમાંથી પ્રવાહિત ૧૪ પૂર્વોમાંથી પાંચમા 'જ્ઞાનપ્રવાદપૂર્વ' 'પેજ્જદોષ પાહુડ' અને 'મહાકમ્મયપાહુડ'નું જ્ઞાન આપે પ્રાપ્ત કરી શ્રી યતિવૃષભ આચાર્યને આપ્યું. જેથી શ્રી યતિવૃષભ આચાર્યદેવે 'કસાયપાહુડ' ગ્રંથમાં ચૂર્ણિસૂત્રો રચ્યાં જેનાથી આ મહાન ગ્રંથ ભવ્યજીવોને બોધગમ્ય થઈ શક્યો.

જો કે આચાર્યવર યતિવૃષભે, તેમની પ્રાપ્ત રચના ચૂર્ણિસૂત્રોમાં, આચાર્યવર આર્યમંક્ષુ અને નાગહસ્તિને પોતાના ગુરુરૂપે ઉલ્લેખ કર્યો નથી તથા કોઈ અન્ય આચાર્યનો પણ પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો નથી. પરંતુ આચાર્ય ઈન્દ્રનંદીના શ્રુતાવતાર ગ્રંથમાં આર્યમંક્ષુ અને નાગહસ્તિને ગુણધરાચાર્યના શિષ્ય તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ પરંપરારૂપે શિષ્યપણું હોય તેવું લાગે છે.

"કસાયપાહુડ ગ્રંથની ટીકા 'જયધવલા'માં ઉલ્લેખ છે કે ગુણધરના મુખકમળમાંથી નીકળેલી ગાથાઓના અર્થને જેમના પાદમૂલમાં સાંભળીને યતિવૃષભ આચાર્યએ ચૂર્ણિસૂત્રો રચ્યાં." તેથી આના પરથી એમ સ્પષ્ટ થાય છે કે આ બંને આચાર્યના પરંપરા ગુરુ ગુણધરાચાર્ય હશે. ગુણધરાચાર્યે કસાયપાહુડની સૂત્ર ગાથાઓ રચી પોતે જ તેની વ્યાખ્યા કરી. આર્યમંક્ષુ અને નાગહસ્તિને ભણાવ્યા તથા તેમના પાદમૂળમાં રહીને આચાર્ય યતિવૃષભે કષાયપાહુડનાં ચૂર્ણિસૂત્રો રચ્યાં.

ઈતિહાસકારોનું માનવું છે કે ગુણધરાચાર્ય વડે વિનિર્ગત પેજ્જદોષપાહુડને તેની ૧૮૦ ગાથા પરથી નાગહસ્તિ આચાર્યે તેને ૨૩૩ ગાથાઓમાં લિપિબદ્ધ કર્યું હોય. અથવા ગુણધર આચાર્ય દ્વારા જ ૨૩૩ ગાથાઓ વિનિર્ગત થઈ હોય. જેણે નાગહસ્તિ આચાર્યે લિપિબદ્ધ કરી હોય અથવા આચાર્ય યતિવૃષભે ચૂર્ણિસૂત્રો સાથે લિપિબદ્ધ કર્યું હોય.

આ બંને આચાર્યદેવોનો મહાન આચાર્ય ગુણધરદેવ સાથે સીધો સંબંધ હતો કે પરંપરારૂપે સંબંધ હતો તે બાબતે શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળે છે. પરંતુ વિદ્વતવર્ગ તે બાબતે એકમત નથી. તેમ છતાં તે બધા ઉલ્લેખો પરથી એમ સ્પષ્ટ થાય છે કે આચાર્યદેવો આર્યમંક્ષુ અને નાગહસ્તિ સાથે ગુણધરાચાર્યના સીધા સંબંધ માટે સુસ્પષ્ટતયા ના પાડી શકાય તેમ નથી. ઉત્તમ આચાર્યવરો બાબતે શ્વેતામ્બર પરંપરામાંથી થોડીક જાણકારી મળે છે જેમકે શ્વેતામ્બર આમ્નાયી નંદિસૂત્રની પટ્ટાવલીમાં આચાર્ય આર્યમંક્ષુનો પરિચય આપતા લખ્યું છે કે "તેઓ સૂત્રોના અર્થ વ્યાખ્યાતા છે, સાધુ પદોચિત ક્રિયાકલાપના કરવાવાળા છે. ધર્મધ્યાનના ધ્યાતા અને વિશિષ્ટ અભ્યાસી છે, શ્રુતજ્ઞાનના પારગામી છે. ધીરવીર છે. પરિષહ અને ઉપસર્ગના સહન કરવાવાળા છે. આ જ નંદિસૂત્રની પટ્ટાવલવીમાં આચાર્ય નાગહસ્તિનો પરિચય આપતાં લખ્યું છે કે "તેઓ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના વ્યાકરણોના વેત્તા છે, કર્ણભંગી અર્થાત્ પિંડશુદ્ધિ, સમિતિ, ભાવના,

પ્રતિજ્ઞા, ઈન્દ્રિયનિરોધ, પ્રતિલેખન અને અભિગ્રહોની વિવિધ વિધિઓના જ્ઞાતા છે અને કર્મ પ્રકૃતિઓના પ્રધાનરૂપથી વ્યાખ્યાતા છે.''

પરંતુ ઉપરોક્ત ઉલ્લેખો પરથી આર્યમંક્ષુ અને નાગહસ્તિના વ્યક્તિત્વ સંબંધે નિમ્ન નિષ્કર્ષો ફલિત થાય છે.

(૧) તે બંને આચાર્યો સિદ્ધાંતના મર્મજ્ઞ હતા. (૨) શ્રુતસાગરના પારગામી હતા. (૩) સૂત્રોના અર્થવ્યાખ્યાતા હતા. (૪) ગુપ્તિ, સમિતિ અને વ્રતોના પાલનમાં સાવધાન તથા પરિષહ અને ઉપસર્ગોને સહન કરવામાં દક્ષ હતા. તે બંને ઉપકારી આચાર્ય ભગવંતોનો તે કાળમાં અપૂર્વ પ્રભાવ હતો (૫) વાચક અને પ્રભાવક પણ હતા જેથી સ્વયં દિગમ્બર આમ્નાયના સાધુગણો હોવા છતાં પણ શ્વેતામ્બર આમ્નાયના સાધુઓ તેમને સન્માનની દૃષ્ટિથી જોતા હતા.

જયધવલાના કેટલાક ઉલ્લેખોથી એવું પ્રતીત થાય છે કે આચાર્ય આર્યમંક્ષુ અને આચાર્ય નાગહસ્તિ બંને વિભિન્ન ગુરુ સંપ્રદાયના આચાર્ય હોવાથી કોઈ વિષય બાબતે બંનેના મત જુદા હતા.

ગ્રંથ, ધવલા અને જયધવલામાં આચાર્યવર આર્યમંક્ષુ અને નાગહસ્તિના ઉલ્લેખ જે ક્રમે આવ્યો છે તેનાથી એવું પણ નક્કી થાય છે કે આર્યમંક્ષુ નાગહસ્તિથી જ્યેષ્ઠ હતા. તેથી તેમનું નામ પ્રથમ રાખવામાં આવ્યું છે અને નાગહસ્તિનું પછીથી રાખવામાં આવ્યું છે. પુન્નાટ સંઘની ગુર્વાવલિ અનુસાર આચાર્યવર નાગહસ્તિ આચાર્યવર વ્યાઘ્રહસ્તિના શિષ્ય તથા આચાર્ય જિતદંડના ગુરુ હતા.

ઈતિહાસકારો પ્રમાણે આચાર્ય આર્યમંક્ષુના શિષ્ય આચાર્ય યતિવૃષભ હતા. આચાર્ય યતિવૃષભ આચાર્ય નાગહસ્તિના અંતેવાસી હતા. ઈતિહાસકારો અનુસાર આચાર્ય આર્યમંક્ષુ અને આચાર્ય નાગહસ્તિનો કાળ વી.નિ. ૬૦૦ થી ૬૫૦ અર્થાત્ ઈ.સ. ૭૩ થી ૧૨૩ અને વીર નિર્વાણ સંવત ૬૨૦ થી ૬૮૭ અર્થાત્ ઈ.સ. ૯૩ થી ૧૬૨ માનવામાં આવે છે.

દિગંબર વાઙ્મય અનુસાર ઉક્ત -બંને આચાર્યો યતિવૃષભના ગુરુ અને ગુણધરના શિષ્યો હોવાના કારણે તેઓ ગુણધરાચાર્યના સમકાલીન મનાય છે. તોપણ તે ઉભય આચાર્યોના કાળ બાબતે વિદ્વાનો એકમત નથી.

આચાર્યદેવ આર્યમંક્ષુ તથા નાગહસ્તિ ભગવંતને કોટિ કોટિ વંદન.